ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૩૬ ટકા

# શહેરમાં કમોસમી વરસાદથી રોગચાળાની દહેશત

## શરદી-ઉધરસ-કફ ઉપરાંત ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવા રોગો ફેલાવો ભય

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં શિયાળાની મોસમ જામી જ હતી ને ત્યાં વરસાદનું કમોસમી ઝાપટું આવી ગયું જેને કારણે રોગચાળો ફેલાવાની સંભાવના વધી ગઈ છે. કોરોનાનો કહેર હજી ઓછો થયો નથી ત્યાં જ અકારણીય વરસાદને કારણે મચ્છર, જીવાત અને પાણી ભરાઈ રહેવાથી ત્યાં ઉપદ્રવ વધશે અને ડેન્ગ્યુ, મેલેરિયા જેવા રોગનું પ્રમાણ પણ વધવાના ચાન્સીસ સામે આવી રહ્યા છે. શહેરીજનો કોરોનાથી બચવા વિવિધ રીતે પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી રહ્યા છે. શિયાળામાં પણ સ્વેટર અને શાલનો ઉપયોગ ઠંડીથી બચવા કરી રહ્યા છે ત્યાં અચાનક જ હવે રેઈનકોટનો બે દિવસથી ઉપયોગ કરવો પડી રહ્યો છે. એક બાજુથી ગાંધીનગરમાં ઠંડીની મોસમ છે અને બીજી બાજુ વરસાદ પડતા શહેરીજનો મુંઝાયા છે કે, હવે સ્વેટર પહેરવું કે રેઈનકોટ? આ સાથે હવે કમોસમી વરસાદને કારણે રોગચાળો ફેલાવાની સમસ્યા પણ સામે આવી રહી છે. આજે શિયાળાને લીધે નાના બાળકો તથા વૃધ્ધોને સિઝનલ શરદી-ખાંસી કે તાવ આવે તોય તમામ કોરોના ટેસ્ટ કરવા દોડી જાય છે. જયારે જયારે શહેરમાં આમ વધુ પ્રમાણમાં કે કમોસમી વરસાદ આવે ત્યારે રોગચાળો ફાટી નીકળે છે. આ વર્ષે પણ તેજ પરિસ્થિતિ છે ત્યારે શહેરના ડોકટરો પણ આ વાતાવરણમાં આવતા બદલાવ સાથે થયેલ વાયરલ તાવ, શરદી-ખાંસીને કોરોના માની ડોકટરની સલાહ સાથે પહેલા યોગ્ય મેડીકેશન કરવાની સલાહ આપે છે.

શહેરના ડૉક્ટર પારસ એ. શાહ (એમબીબીએસ ફિઝીકલ કેર કન્સલટન્ટ) સાથે આ બાબતે વાત કરતા તે જણાવે છે કે, ભેજવાળુ વાતાવરણ થાય એટલે વાયરસ ફેલાવવાની સંભાવના વધી જાય જેમાં નોર્મલ વાયરસ અને કોરોના બંનેના ફેલાવામાં વધારો થઈ શકે. વરસાદને કારણે મચ્છરનો ઉપદ્રવ વધશે એટલે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકનગુનીયાનો ફેલાવો પણ થઈ શકે. આવા સમયે કોરોના બાબતે રાખીએ છીએ તે તમામ તકેદારી માસ્ક, સેનિટાઈઝરનો ઉપયોગ કરવો આ ઉપરાંત દિવસમાં ઓછામાં ઓછું ર વાર ગાર્ગલીંગ કરવું અને સ્ટીમ લેવી, બિનજરૂરી કારણથી ઘરની બહાર ફરવું કે બહાર જમવાનું એવોઈડ કરવું. ઘણા કેસમાં ઘરે રહેવા છતાંય શરદી થઈ જાય છે તેનું મુખ્ય કારણ વાતાવરણમાં બદલાવ છે. યોગ્ય રીતે નાસ લેવો તથા ઉકાળા પણ પીતા રહેવું.




લોકડાઉન બાદ ધીમે ધીમે જનજીવન પુનઃ પાટા પર આવી રહ્યું છે. ઉદ્યોગ-ધંધા અને બાંધકામની પ્રવૃત્તિ તેજ બની છે. ગાંધીનગરની આસપાસ અનેક બાંધકામની સાઈટ ચાલે છે આ ઉપરાંત રોડ-રસ્તાના કામો પણ થઈ રહ્યાં છે. અહીં કામ કરતા શ્રમજીવીઓ શહેરમાં ઠેક ઠેકાણે ઝુંપડા બાંધીને રહે છે. ફૂટપાથ તેમનું રસોડું છે. વહેલી સવારે આ ફૂટપાથ પર નજર કરો તો શ્રમજીવીઓ લાકડાં સળગાવી ચૂલા પર રોટલા-શાક બનાવતા નજરે પડે છે. શાક-રોટલા બની જાય એટલે ટીફીન લઈ તેઓ મજૂરીએ ઉપડી જાય છે.

## ગાંધીનગર જિલ્લાના યુવાઓના પ્રોત્સાહન માટે ગુજરાત રાજ્ય યુથ એવોર્ડ જોગ

ગાંધીનગર, તા.૧૧

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા યુવાઓના પ્રોત્સાહન માટે ગુજરાત રાજ્ય યુથ એવોર્ડ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૧૫ થી ૨૯ વર્ષની વયજુથમાં આવતા ગુજરાતનાં મુળ વતની હોય તેવા યુવાઓએ જેમણે ઓછામાં ઓછા ૫ (પાંચ) વર્ષ સમાજ સેવા અને રાષ્ટ્ર નિર્માણક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરી હોવી જરૂરી છે.

જેમાં સ્વચ્છ ભારત અભિયાન, જળ બચાઓ અભિયાન, પ્રદુષણ નિયંત્રણ, વૃક્ષા રોપણ, બાળ પોષણ અભિયાન, રાજ્ય તેમજ સમાજ સેવા અંગેના બીજા ફલેગશીપ કાર્યક્રમોમાં બિરદાવી શકાય તેવા ઉત્તમ કાર્ય કરેલ હોય તેવા યુવાનોએ ગાંધીનગર જિલ્લાનાં ગુજરાત રાજ્ય યુથ એવોર્ડ માટેની અરજી તા.૧૯-૧૨-૨૦૨૦ સુધીમાં અરજદારે પોતાના બાયોડેટા સાથે ઉત્કૃષ્ટ કામગીરી અંગેના પુરાવા તથા તે અંગેના ફોટોગ્રાફ અત્રેની જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, "સી" વિંગ, છઠ્ઠો, માળ, સહયોગ સંકુલ, પથિકાશ્રમ હોટલની બાજુમાં, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂ તમામ આધાર પુરાવા સાથે અરજી આપવાની રહેશે. વધુ માહિતી માટે કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા જિલ્લા યુવા વિકાસ અધિકારીએ જણાવ્યું છે.

## ચંદ્રાલા પાસે લકઝરી બસનો મુસાફર ૧૨ બોટલ સાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ દરમિયાન પોલીસને મુસાફર પાસેથી ૧૨ બોટલ મળી આવી છે. નાકા પોઈન્ટ પર જવાનો વાહન ચેક કરી રહ્યા હતા તે દરમિયાન હિંમતનગર તરફથી એક રાજસ્થાન પાસિંગની લકઝરી બસ આવી હતી. આ બસમાં ચેકીંગ કરતા પાછળના ભાગે આવેલી ડેકીમાંથી એક પાર્સલ મળી આવ્યું હતું. પોલીસે તેની તપાસ કરતા પાર્સલમાંથી ૧૨ બોટલ મળી આવી હતી. બસમાં બેઠેલા દિપક બચુમલ કેશવાણી (રહે, એસટી વર્ક શોપ નરોડા પાટીયા) હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે પોલીસે રૂ.૮૬૪૦ ની કિંમતનો દારુનો જથ્થો જપ્ત કરીને આરોપી સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

## પેથાપુર ચોકડી પાસે અજાણ્યા બાઈકની અડફેટે સાઈકલ ચાલક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૧૧

પેથાપુર ચોકડી થી ગામ તરફ સાઈકલ લઈને જઈ રહેલા વડીલને અજાણ્યા બાઈક ચાલકે ટક્કર મારતા વડીલ નીચે પટકાયા હતા. વડીલને ઈજા પહોચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર ખાતે નવાઘરા ખાતે રહેતા અમરસિંહ વાઘેલા સવારે સાડાદસ વાગ્યાના સુમારે પેથાપુર ચોકડીથી સાયકલ પર ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે એક અજાણ્યો બાઈક ચાલક સાયકલને ટકકર મારીને ભાગી ગયો હતો. અકસ્માતમાં ઈજા પામેલા વડીલને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. ઈજાગ્રસ્તને માથાના ભાગે ઈજાને પગલે સીટી સ્કેન ની જરૂર જણાતા તેમને અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. જયાં તેમના મગજના ભાગે ઈજા પહોંચી હોવાનુ નિદાન થયું છે. અકસ્માતને પગલે વડીલના દિકરા રાજુસિંહ વાઘેલા એ પેથાપુર પોલીસ મથકે અજાણ્યા બાઈક ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે બાઈક ચાલકને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ઉવારસદની ડેરીનો અહેવાલ માંગતા યુવક પર શખ્સોનો હુમલો

### દુધની ડેરીના મંત્રીએ યુવક પર માર મારતા ઈજાગ્રસ્ત યુવક સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૧૧

ઉવારસદ ગામની સહકારી ડેરીના મંત્રી પાસે ડેરીનો ગત વર્ષનો અહેવાલ માંગતા યુવકને અહેવાલ તો મળ્યો નથી. પરંતુ યુવકે અહેવાલ માંગીને માર ચોક્કસ ખાવો પડ્યો છે. ડેરીના મંત્રીના પુત્રએ અન્ય શખ્સો સાથે મળીને યુવકને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામની સહકારી દુધ મંડળીમાં દુધ ભરવા ગયેલા ગામના ચંદ્રેશ પટેલે ગત વર્ષનો અહેવાલ ડેરીના મંત્રી પ્રહલાદજી ઠાકોર પાસે માંગ્યો હતો. ગામની ડેરીના મંત્રી ઉશ્કેરાઈ જઈને યુવકને તારે થાય તે કરી લે, અમે તને અહેવાલ નહી કાઢી આપુ કહી અપશબ્દો બોલતા યુવક ઘરે જતો રહ્યો હતો. ત્યારબાદ યુવક ઘરે જતો રહ્યો હતો. ત્યારબાદ બપોરના દોઢ વાગ્યાના અરસામાં પ્રહલાદજીના દિકરા પ્રવિણે ફોન કરીને યુવકને ગાળાગાળી કરી હતી. જેથી યુવકે પોતે રણજીપુરા પાર્લર પાસે બેઠો હોવાનું જણાવ્યું હતું. જેને પગલે પ્રવિણ અને અન્ય ત્રણ શખ્સો યુવક પાસે ગયા હતા અને ગાળાગાળી કરીને માર મારવા લાગ્યા હતા. પ્રવિણે ગાડીમાંતી બેઝબોલનો ધોકો કાઢીને યુવકને મારતા યુવકને આંખની બાજુમાં ઈજા પહોંચતા લોહી નીકળી રહ્યું હતું. આ મારામારીમાં ગામના અન્ય નાગરીકોએ વચ્ચે પડીને યુવકને વધુ મારમાંથી બચાવ્યો હતો. યુવકને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર મેળવી હતી. ત્યારબાદ યુવકે ઉવારસદ ગામના પ્રહલાદજી ઠાકોર સામે ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી અનેતેમના પુત્ર પ્રવિણ સહિત ચાર શખ્સો સામે મારામારીની ફરીયાદ નોંધાઈ છે.

## પડતર માંગોને અનુલક્ષીને આઈઆઈટીઈના તાલીમાર્થીઓની યુનિવર્સિટીને તાળાબંધી

### એબીવીપીના નેજા હેઠળ તાલીમાર્થીઓએ એક માસ અગાઉ આવેદનપત્ર આપ્યું હતું : માંગોનો ઉકેલ ના આવતા પ્રતિકાત્મક ઉપવાસ સાથે કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલન સહિત ધરણાં યોજયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતે સ્થિત ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ડિયન ટીચર એજયુકેશનમાં આજે સવારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના નેજા હેઠળ તાલીમાર્થી વિદ્યાર્થીઓએ તેમની છેલ્લાં એક માસથી પડતર માંગણીઓના સંદર્ભે પ્રતિકાત્મક ઉપવાસ સાથે ધરણાં યોજી યુનિવર્સિટીની તાળાબંધી કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કોવિડ-૧૯ મહામારીને અનુલક્ષીને મર્યાદિત પ્રતિનિધિઓની હાજરી સાથે સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક વગેરે ગાઈડલાઈનનું પાલન કરવા સાથે ધરણાં યોજયા હતા.

આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ માંગણીઓ અંગે એબીવીપીના નેજા હેઠળ ગત તા. ૧૦મી નવેમ્બરે યુનિવર્સિટીના કુલપતિને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં કોવિડ-૧૯ને ધ્યાનમાં રાખીને પ્રથમ સત્રની ફીમાં ૫૦ ટકા સુધીની માફી અને બાકીની રકમના બે હપ્તા કરી આપવા, હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ પાસેથી યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ના દ્વિતિય સત્રનું ભોજન બિલ વસુલવામાં આવ્યું છે તેને પરત કરવા, ચાલુ સત્રના સમયપત્રકનો સમય ઘટાડવા તથા અગાઉના વર્ગની




હાજરી અને અભ્યાસનો વિકલ્પ આપવા, પ્રથમ વર્ષના યુજીથી રિસર્ચ સુધીના તમામ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સુવિધા પુરી પાડવા, કન્યા કેળવણી અંતર્ગત તમામ વિદ્યાર્થીનીઓની ફી માફ કરવા વગેરે મુદ્દાઓનો સમાવેશ કરાયો હતો જે અંગે હજુ સુધી યુનિવર્સિટી સત્તાધીશો દ્વારા કોઈ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નથી તેવું એબીવીપીના આઈઆઈટીઈ કેમ્પસ પ્રમુખ દિનેશ ચોચાએ જણાવ્યું હતું. આ ઉપરાંત આજે નવેસરથી આપવામાં આવેલા આવેદનપત્રમાં ઉપરોકત માંગો સહિત પરીક્ષા ફી અને કોન્વોકેશન ફીમાં ઘટાડો કરવા, જે વિદ્યાર્થીઓના સ્કીલ સર્ટીફીકેટ આપવાના બાકી હોય તેમને સર્ટીફીકેટ આપવામાં આવે તથા જે સ્કીલ કોર્સના વર્ગો લેવાયા જ નથી તેમને ફી પરત આપવામાં આવે, યુનિવર્સિટીના આદિત્ય પોર્ટલ થકી જોબ પ્લેસમેન્ટની કામગીરી પુરી કરવામાં આવે, ડોકયુમેન્ટસ મેળવવાની ફીમાં ઘટાડો કરી છેલ્લી એફસી દ્વારા કરાયેલ તમામ ફી વધારા પાછા ખેંચવામાં આવે તેવી માંગો પણ રજુ કરવામાં આવી હતી. આજે યોજાયેલા ધરણામાં યુનિવર્સિટી તથા તેને સંલગ્ન સંસ્થાઓના મળીને અંદાજે સાડા ચાર હજાર જેટલા તાલીમાર્થી વિદ્યાર્થીઓ વતી ૨૫થી વધુ પ્રતિનિધિઓએ યુનિવર્સિટી કેમ્પસ ખાતે ધરણાં કર્યા હતા તથા યુનિવર્સિટીને તાળાબંધી કરી હતી.

## કોપર-કેબલ ચોરીના ગુનામાં ત્રણ શખ્સોને એલસીબી-૨એ ઝડપી પાડયા

ગાંધીનગર, તા.૧૧

કોપરની પટ્ટીઓ તેમજ ટુકડા અને રબરની પાઈપોનો ભાગ પાડવા માટે એકઠા થયેલા ત્રણ શખ્સોને એલસીબી-૨ પોલીસે દબોચી પાડ્યા છે. સાંતેજ પોલીસ મથક વિસ્તારના બે ગુનાનો ભેદ ઉકેલી એલસીબી-૨ પોલીસે આરોપી પાસેથી રૂ. ૧૬ હજારની ૨૪ કોપરની પટ્ટીઓ, રૂ.૧૨૦૦ના કોપર વાયરના ટુકડા, તેમજ ત્રણ ફોન કિ.૧૦,૫૦૦ મળી કુલ રૂ.૨૭,૭૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી.જાડેજા, અને પી.ડી.વાઘેલા તેમજ સ્ટાફના કર્મચારીઓ ટીમ બનાવી વિવિધ દિશામાં કામગીરી કરી રહ્યા હતા. તે સમયે સાંતેજ પોલીસ મથક વિસ્તારમાં એલસીબી-૨ ની ટીમ પેટ્રોલીંગમા હતી. તે દરમિયાન રણછોડપુરા ચાર રસ્તા પાસે એએસઆઈ હરદેવસિંહ અને હેડ કોન્સ્ટેબલ જોગીન્દરસિંહને સંયુકત બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પરથી ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. જેમાં રામાભાઈ વાલાભાઈ મંગળભાઈ ખાંટ (ઉં.૪૯, હાલ રહે.રકનપુર પ્લોટ નં.૫૧૯ એ.કે.પી.ટાસ ફોર્મલ કંપનીમાં તા.કલોલ), વિનોદ ઉર્ફે બાલા રેમતલાલ બાબુલાલ કુમાવત (ઉં.વ.૧૯, રહે.રણછોડપુરા ચોકીડ હરીકૃષ્ણા મંદિર પ્લોટ તા.કલોલ, મુળ રહે. ગુર્જર ખેડા બેમાલી



ભીલવાડા રાજસ્થાન), અને રાજુલાલ રામલાલ બાલુ કુમાવત (ઉં.૩૫ રહે, તલાજી ઠાકોરના ખતેરમાં, ભાડજ સાયન્સ સીટી પાસે મુળ રહે, બેમાલી ગામ, જી.ભીલવાડા)ને પકડી પાડી તેમની પાસે રહેલા થેલા ચેક કરતા થેલામાંથી કોપરની પટ્ટીના અલગ અલગ સાઈઝના ટુકડા, કોપરના વાયરના ટુકડા અને વાયર ઉપરની રબરની પાઈપોના ટુકડા મળી આવ્યા હતા. પોલીસે ત્રણેય ને કોપરની પટ્ટી તેમજ વાયર અંગે પુછતાછ કરતા ત્રણેય જણા ગલ્લાતલ્લા કરવા લાગ્યા હતા. પોલીસે મળી આવેલા સામાન અંગે ઉંડાણપૂર્વક પુછતાછ કરતા રાજુલાલ કુમાવતે જણાવ્યું હતું કે પોતે ભંગારનો વેપાર કરે છે. અને આજથી થોડા દિવસ અગાઉ રામાભાઈ ખાંટ આપી ગયા છે. જયારે રામાભાઈ ખાંટને પુછતા તેઓ જે કંપનીમાં નોકરી કરે છે, ત્યાંતી ચોરી કરી હોવનું સામે આવ્યું હતું. જયારે વિનોદ ઉર્ફે બાલા કુમાવતને કોપરના ટુકડા તેમજ રબરની પાઈપના ટુકડા અંગે પુછપરછ કરતા ભગવાનસિંહ ઉર્ફે રાજુએ નાસ્મેદ પાટીયા નજીક જી.ઈ.બી.ના બોકસમાંથી કાપી લાવ્યા હોવાનું જણાવ્યું હતું. જયારે ત્રણેય જણા ચીજવસ્તુઓનો ભાગ પાડવા અને વેચાણ માટે એકઠા થયા હતા ત્યારે એલસીબી પોલીસના સકંજામાં આવી ગયા હતા. જયારે નાસતો ફરતો આરોપી ભગવાનસિંહ ઉર્ફે રાજ સુરેશસિંહ (રહે.શકિતનગર માતાનીગલી ડાસના ગાજીયાબાદ, ઉતરપ્રદેશ) અગાઉ બોરવેલ પાઈપ ચોરીના ગુનામાં પણ સંડોવાયેલ હોવાનું પોલીસને ધ્યાને આવ્યું છે. પોલીસે ત્રણેય આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. શાન્તાબેન ભીખાભાઈ વાળંદ, ઉ.વ. ૭૮, રાયપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. વાઘેલા નટવરસિંહ બળદેવસિંહ, ઉ.વ. ૫૨, પીપળજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. પટેલ મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ, ઉ.વ. ૬૪, પેથાપુર, ગાંધીનગર
- સ્વ. ડાહીબેન શકરાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૫, વલાદ, તા.જી. ગાંધીનગર
- સ્વ. દેસાઈ લક્ષ્મણભાઈ વાળાભાઈ, ઉ.વ. ૪૬, રાયસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ચૌહાણ દશરથભાઈ મુલચંદભાઈ, ઉ.વ. ૬૫, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. રમીલાબેન ચતુરસિંહ રાઠોડ, ઉ.વ. ૪૬, અનોડીયા, તા. માણસા
- સ્વ. પરમાર દિનેશકુમાર આસારામ, ઉ.વ. ૪૭, કોલવડા, તા. ગાંધીનગર
- સ્વ. સુશીલાબેન અંબાલાલ ડાભી, ઉ.વ. ૭૬, હિંમતનગર, જી. સાબરકાંઠા
- સ્વ. પન્નાલાલ થોભણદાસ શાહ, ઉ.વ. ૮૫, સેકટર-૭, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. કડીયા રમીલાબેન કાળુભાઈ, ઉ.વ. ૫૫, ગોજારીયા, જી. મહેસાણા
- સ્વ. તરૂણભાઈ રણછોડભાઈ દવે, ઉ.વ. ૬૩, સેકટર-૪, ગાંધીનગર

## સાત ગામના મિલ્કતધારકોના ઉકેલ માટે આભાર વ્યકત કરતું અસરગ્રસ્ત ખેડૂત મંડળ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં સમાવિષ્ટ સાત ગામના અસરગ્રસ્ત મિલ્કતધારકોને તાજેતરમાં જિલ્લા કલેકટર દ્વારા તેમના કબ્જા-ભોગવટાની પૈતૃક મિલ્કતો માટે પ્રોપર્ટી કાર્ડ ઈશ્યુ કરવાનો પ્રારંભ કરી દેવાતા અસરગ્રસ્તોની લાંબી લડાઈનો અંત આવી ગયો છે. લાંબા સમયથી ગુંચવાયેલ આ પ્રશ્નનો સકારાત્મક ઉકેલ લાવવાના જિલ્લા કલેકટર કુલદીપ આર્યના અભિગમને અસરગ્રસ્ત ખેડૂત મંડળ દ્વારા બિરદાવી આભાર વ્યકત કરવામાં આવ્યો છે.

પાટનગરની સ્થાપના સાથે સંકળાયેલા આ પ્રશ્નના ઉકેલ માટે ઘણા વર્ષોથી ગાંધીનગર અસરગ્રસ્ત ખેડૂત મંડળ તથા સામાજિક-સેવાકીય સંસ્થાઓ દ્વારા લડત આપવામાં આવી રહી હતી. સાત ગામ જેમાં ઈન્દ્રોડા, પાલજ, બાસણ, બોરિજ, ધોળાકુવા, ફતેપુરા અને આદિવાડાના રહેણાંક વિસ્તારના મકાનોને માલિકી હક આપવામાં આવ્યો નહોતો જે માટે સામાજિક-સ્વૈચ્છિક-સેવાકીય સંસ્થાઓ દ્વારા સરકારમાં ઉચ્ચ કક્ષાએ વારંવાર સામુહિક રીતે રજુઆતો કરવામાં આવ હતી જેવું શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું. હવે જયારે જિલ્લા કલેકટર દ્વારા સાતેય ગામના મિલ્કતધારકોને તેમના ગામોમાં જઈને ઈ-પ્રોપર્ટી કાર્ડ ઈશ્યુ કરવામાં આવી રહ્યા છે તેને આવકારતા અસરગ્રસ્ત ખેડૂત મંડળના પ્રતિનિધિઓ જીલુજી વાઘેલા, અર્જુનસિંહ વાઘેલા, મનુજી વાઘેલા, મનુભાઈ દેસાઈ, પુંજાજી ઠાકોર, કેસરીસિંહ બિહોલા, હિંમતસિંહ બિહોલા, સાહરભાઈ દેસાઈ, હસમુખભાઈ મકવાણા, ઈશ્વરભાઈ પ્રજાપતિ, કનુભાઈ રાઠોડ, ભરતભાઈ પુરોહિત, અરવિંદભાઈ ખાંટ, જશુભાઈ ડાભી, રામજીભાઈ દેસાઈ, મનુજી ઠાકોર, લાલભાઈ પટેલ વગેરે જિલ્લા કલેકટર સહિત સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.


## સાયન્સ સિટી ખાતે નોબેલ પારિતોષિક દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૧

નોબેલ પારિતોષિક દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સાયન્સ સિટીએ નોબેલ પારિતોષિકના વિવિધ વિજ્ઞાન પ્રવાહો પર શ્રેણીબદ્ધ વેબિનારનું આયોજન કર્યુ હતું. ગુજરાત સાયન્સ સિટી ખાતે ઉજવણીમાં રસપ્રદ સત્રો સાથે સ્વીડનના સ્ટોકહોમ ખાતે યોજાયેલા નોબેલ પારિતોષિકનું લાઈવ પ્રસારણ પણ કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકોને આ વર્ષના નોબેલ પારિતોષિકના મહત્વ, તેમજ નોબેલ પારિતોષિકો અને તેમના અગ્રણી કાર્ય વિશે જાણકારી આપવાનો છે. ઉજવણીમાં લગભગ પાંચ હજાર લોકોએ ભાગ લીધો હતો.

આ વર્ષે ૧૧ વ્યક્તિઓ




અને એક સંસ્થાને નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. રસાયણશાસ્ત્રમાં બે, ફિઝિક્સ અને મેડિસિનમાં ત્રણ વિજેતા છે જ્યારે અર્થશાસ્ત્ર અને સાહિત્યમાં એક-એક વિજેતા છે.

વિજ્ઞાનિક ડો. વિશાલ જોશી (એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ ડિપાર્ટમેન્ટ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી(પીઆરએલ)) એ શ્રોતાઓને 'બ્લેક-હોલ સાથે નૃત્ય' વિષયથી માહિતગાર કર્યા હતા જ્યારે બાયોકેમિસ્ટ્રીના પ્રોફેસર વિભાગના ડોક્ટર પાર્થના મજુમદારે 'હીપેટાઈટિસ સી વાયરસની શોધ' પર પ્રકાશ પાડ્યો હતો.

આ દરમિયાન આલ્ફ્રેડ નોબેલના જીવનને પ્રકાશિત કરતી ફિલ્મ અને ઈનામના ઉદ્દેશ્ય પ્રેક્ષકનું મનોરંજન કર્યુ હતું. દર વર્ષે તા.૧૦ ડિસેમ્બરે નોબેલ પ્રાઈઝ ડે મનાવવામાં આવે છે. જે આલ્ફ્રેડ નોબેલની મૃત્યુની વર્ષગાંઠ છે. વિજેતાઓ સ્વીડિશ કિંગ તરફથી ઈનામ મેળવે છે. નોબેલના તમામ ઈનામો સ્વીડનના સ્ટોકહોલ્મમાં આપવામાં આવે છે. માત્ર નોબેલ શાંતિનું ઈનામ નોર્વેના ઓસ્લો આપવામાં આવે છે.